## સંસ્કાર પુરુષ 'ગુરુજી'ને ભાવભીની અંજલિ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં 'સંસ્કારનગરી' વિશેષણ બે શહેરો માટે વપરાતું રહ્યું છે અને બેઉ એનાં યોગ્ય દાવેદાર છે. વડોદરાને સંસ્કારનગરી બનાવવામાં ભટ્ટ પ્રેમાનંદથી લઈ ગુણવંત શાહ અને સિતાંશુ યશ્ચંદ્ર સુધીની સર્જન પરંપરા જેટલો જ ફાળો સયાજીરાવ ગાયકવાડ અને એમના સચિવ સર ટી. માધવરાવનો રહ્યો છે. ભાવનગર સૌરાષ્ટ્રની સંસ્કારનગરી છે. એના રાજવી કૃષ્ણકુમારસિંહના સિંહફાળા ઉપરાંત આ દરિયાકાંઠે વસેલા શાંત શહેરને સંસ્કારિતાનાં ઓઢણ ઓઢાડનારા અક્ષરપુરુષો પૈકી સૌથી પહેલું નામ પ્રભાશંકર પટ્ટણીનું લેવું પડે. સાથે જ નાનાભાઈ ભટ્ટને સંભારવા પડે. માનભાઈ અને પ્રેમશંકરની બંધુબેલડીને યાદ કરવી પડે અને એ બધાને મોટા કૌંસમાં પૂરી દઈ હમણાં દિવંગત થયેલા સાક્ષરવર્ય 'ગુરુજી'નું નામ લેવું પડે. શામળદાસ કૉલેજના આચાર્ય તરીકે અને ભાષાસાહિત્યના ઉત્તમ સર્જક તથા તટસ્થ સમીક્ષક તરીકે યાદગાર કામગીરી બજાવી નિવૃત્ત થયેલા તખ્તસિંહ પરમાર ભાવનગરની સંસ્કારિતાના પ્રતીક પુરુષ બની રહ્યા હતા. સો વર્ષ પૂરાં કરવાનો જશ વધુ ઓછા આક્ષરોને મળ્યો છે. કે.કા. શાસ્ત્રી જેવો એકાદ અપવાદ નજરે ચડે. રવિશંકર મહારાજે સેન્ચુરી મારી હતી અને મોરારજી દેસાઈ સોમા વર્ષને અડું અડું કરતાં ખડી પડ્યા હતા. આપણાં ઉપનિષદો જીવેમ શરદઃ શતમ્ ની ભાવના સેવે છે. પરંતુ રિબામણી ભર્યા વાર્ધક્ય કરતાં સવેળી વિદાય સારી, એવું તો આપણે સૌ સ્વીકારીએ છીએ. ઉપનિષદ પ્રેરિત શતાયુ જીવનની ભાવનમાં 'વર્ધમાન' રહીને, 'ક્રિયમાણ' રહીને સૌ વર્ષ જીવવાની પ્રાર્થના સમાયેલી છે. ગાંધીજી તો સવાસો વર્ષ જીવવા માગતા હતા. શ્રીકૃષ્ણ બરાબર સવાસો વર્ષે સિધાવ્યા હતા - અલબત્ત, એ દ્વાપરયુગ હતો. ગુરુજીના હુલામણા નામે સમસ્ત સૌરાષ્ટ્રમાં જાણીતા તખ્તસિંહજી પરમાર સાધારણના ક્ષત્રિય પરિવારનું ફરજંદ હતા. સ્વપુરુષાર્થથી તેઓ એમના સમયના શ્રેષ્ઠ વિદ્યાગુરુ બની રહ્યા અને જીવનના અંત પર્યંત એકધારું શબ્દતપ તપતા રહ્યા. ભાવનગર માટે તો તેઓ જીવતી દંતકથા જ બની ગયા હતા અને શહેરની મુલાકાતે આવેલ કોઈ પણ સાહિત્યકાર માટે એ તીર્થ સમાન હતા - એમનાં દર્શન કરીને ધન્યતા અનુભવાતી. છેલ્લા વર્ષો દરમિયાન ઈંદ્રિયો રિસાવા માંડી હતી પરંતુ તેઓ આગંતુકને સ્પર્શથી અને અવાજથી ઓળખી જતા. પછી ફળદ્રુપ મગજની સ્મૃતિમંજૂષામાં સચવાયેલાં સ્મરણોની રસધાર વહેવડાવવા લાગતા. સાહિત્ય અને શિક્ષણક્ષેત્રની ચાર-પાંચ પેઢીઓ એમની નજરતળે વિકસી. ભાવનગરને શિશુવિહારની ભેટ અલબત્ત, માનભાઈએ આપી પરંતુ એની દંતકથારૂપ બુધસભાના સ્થાપક તો તખ્તસિંહ પરમાર ઉર્ફે ગુરુજી જ. શિશુવિહારના અમૃત પર્વ પ્રસંગે બે વયોવૃદ્ધ વડીલોની હાજરી સંતર્પક બની રહી હતી : પ્રેમશંકર ભટ્ટને ત્યારે એકસો પાંચ વરસ થયાં હતા અને ગુરુજી પંચાણું વટાવી ચૂક્યા હતા ! ગુરુજીની વિદાય સાથે સંનિષ્ઠ શિક્ષણ-મહર્ષિઓની અને સાક્ષરયુગના પંડિતોની પેઢી પૂરી થાય છે ત્યારે એમના માનસસંતાનો જેવા વાર્તાકાર, ગદ્યસભાના અધિષ્ઠાતા માય ડિયર જયુ, યુવા કવિ વિનોદ જોશી અને હરિશ્ચંદ્ર જોષી કે એમનો જ અક્ષરવારસો લઈ મહારાજા મહારાજા કૃષ્ણકુમારસિંહ યુનિવર્સિટી - ભાવનગરના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે સેવારત સુપુત્ર મહેન્દ્રસિંહ પમાર ગુરુજીના તપનું અનુસંધાન જારી રાખશે એવી અપેક્ષા અસ્થાને નથી.

## નવરાત્રિ નડી એટલે કાકા, ચાલે વાંકા !



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

'કાકા, કેમ આમ ?' સામેથી લંગડાતી ચાલે, કમરેથી વાંકા વળીને 'ઓહ... ઉંહ... ઓ મારે...' કરતા ધીરે ધીરે અમારા ઓટલો ચઢી રહેલા લાલાકાકાને જોઈને અમે પૂછ્યું.

'આમ એટલે ?' અંકલ ઉવાચ.

'અરે, અંકલ, કમરેથી વાંકા વળીને લંગડી લેતા ચાલો છો એની વાત છે !'

'વાત જ ના પૂછશો, પનુભાઈ !' કાકાએ વેદનાથી ઉંહકારા કરતાં અમારી જોડે હિંચકે બેસતાં કહ્યું.

'અંકલ, વરસાદમાં ખાબોચિયામાં લપસી પડ્યા કે શું ?'

'ના...'

'તો કોઈ સાઈકલવાળા કે સ્કૂટરવાળાએ અડફેટે લઈ લીધા!'

'ના, હવે... ઓહ... મા...રે'

'તો ? ગાયે ગોથું માર્યું ?' અમે ઈન્કવાયરી માટે પ્રશ્નોત્તરી ચાલુ જ રાખી.

'ના, ના... એમાંનું કશું થયું નથી, પનુભાઈ.... ઉંહ...'

'તો પછી કહો કે કાકા કેમ ચાલે છે વાંકા ?'

'મને તો ગરબાએ ઘાયલ કર્યો છે, ભાઈ !'

'હેં ?' કાકાની સ્પષ્ટતા સાંભળી અમારા દિમાગમાં એક સામટી કેટલીય અસ્પષ્ટતાઓ ઉભરાઈ આવી : 'ગરબાએ તમને ઘાયલ કર્યા છે?'

'હા, ભાઈ, હા...' અંકલે અકળાઈને કહ્યું...

'કાકા, કંઈ સમજાયું નહીં... સૂરીલા કંઠે - મધુરા સંગીત સાથે ગવાતા ગરબા સાંભળીને ઝૂમી જવાય, ઘાયલ થઈ જવાય પણ એ તો સાંભળનારાના દિલને ઘાયલ કરે. પગ અને કમરને નહીં...' 'ખબર છે મને !' અંકલ બોલ્યા.

'તો પછી ? હા, રંગબેરંગી વસ્ત્રપરિધાન કરીને ગરબે ઘૂમતી ગોરીઓને જોઈ હૈયાં ઘાયલ થાય... પણ અંકલ, આ ઉંમરે તમે ગરબે ઘૂમતી ગોરીઓને જોઈ...'

'બસ... બસ... પનુભાઈ, તમે બહુ વિચારી લીધું ને બોલી લીધું, હોં !' અમારી કોમેન્ટથી રેડ અંકલ રેડ એન્ડ યલો થઈ ગયા...

'તો પછી, તમે જ કહોને અંકલ કે શા કારણે થયાં છે તમારા આ હાલ ?'

'પનુભાઈ...' લાલાકાકાએ અમારાં શ્રીમતીજીએ લાવેલી ચાનો કપ હાથમાં લેતાં કહ્યું : 'તમને તો ખબર છે ને કે હવે નવરાત્રિ રૂમઝૂમ કરતી આવી રહી છે ?'

'હા સ્તો... શહેરમાં ઠેરઠેર દોઢ-બે મહિનાથી ચાલી રહેલી ગરબા ક્લાસીસની ધમાધમી નવરાત્રી આવી રહ્યાનાં ઢોલ વગાડી રહ્યા જ છે !'

'હં...'

'ને અંકલ, ગણપતિ બાપાને વિદાય આપી દીધી...' 'બોલ મારી અંબે... જય જય અંબે...' કરતાં પદયાત્રીઓ - સંઘો આદ્યશક્તિ મા અંબાના દર્શને ઉપડ્યા છે... ભાદરવી પૂનમે એ સંપન્ન થયું નથી કે આવી પહોંચશે માતાજીની ભક્તિનો અવસર નવરાત્રિ...' અંકલના પ્રશ્નના જવાબમાં અમે અમારું લાંબુલચ્ચ ડહાપણ ડોહળ્યું.

'તો તમને એ પણ ખબર છે જ કે નવરાત્રિ દરમિયાન ઘણા બધા નવરાત્રિ મહોત્સવો મોટાપાયે ઊજવાય છે?'

'હા... જેમ કે ગાંધીનગર કલ્ચરલ ફોરમે છેલ્લા ૨૪ વર્ષથી સાતત્યપૂર્ણરીતે, આયોજનબદ્ધ ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવો ઊજવીને રાજ્યભરમાં ડંકો વગાડ્યો છે ને આ વર્ષે તો - પચ્ચીસમા રજતજયંતિ વર્ષે ગાંધીનગર કલ્ચરલ ફોરમ એથીય વધુ પ્રસન્નતાપૂર્વક નવરાત્રિ મહોત્સવ - ૨૦૧૯ ઊજવવાનું છે, હોં !' પાછું અમે અમારું જ્ઞાન પીરસ્યું.

'બસ, એમાં જ આ મારી મોંકાણ મંડાણી છે...' લાલાકાકા ઉવાચ...

'એટલે ?'

'અલ્યા ભાઈ, નવરાત્રિ મહોત્સવમાં રોજ રોજ ખેલૈયાઓને વિવિધ કેટેગરીમાં ઈનામો અપાય છે અને એમાં એક કેટેગરી અમારા જેવા મોટેરાંઓ માટેની પણ રખાય છે...'

'ખબર છે... પણ આ બધી વાતને તમારા ઘાયલ થવા સાથે સંબંધ છે.'

'છે, ભાઈ, છે... એ ઈનામે જ મોંકાણ કરી છે...'

'અંકલ, કંઈક સમજાય તેવું બોલો હવે....' અમે ગુંચવાડાથી અકળાઈને બોલ્યા.

'આ વખતે મને થયું કે મોટેરાંઓ માટેની કેટેગરીમાં આપણે ઝંપલાવવું ને 'કીંગ ઓફ'નું ઈનામ જીતવું...'

'હેં ?'

'હા... આમેય આપણને ગરબા ગાતા સારાં આવડતા. તે થયું નવા જમાના પ્રણામે થોડું શીખી લઈએ તો નંબર આવે એટલે એ માટેની પૂરી તૈયારી કરવા હું ગરબા કલાસીસમાં સ્ટેપ શીખવા ગયો. એમાં લચક લેવામાં કમરમાં ને પગે મચક આવી ગઈ... ઓહ... ઉંહ...' રેડ અંકલે કહ્યું ને પછી.

'યાર, પ્રાઈઝ જીતવાની વાત તો દૂર રહી પણ ડોક્ટર ને દવાના ખર્ચામાં ઉતરી ગયો... ઓહ... ઓ મારે...'

'તે અંકલ, ઘરડી ઘોડી ને લાલ લગામ જેવું કે મોરને જોઈ કાગડો નાચવા જાય એવું કરો પછી બીજું શું થાય ?' અમે ધીમેથી કહ્યું...

'હેં ? કંઈ કહ્યું, પનુભાઈ?' ચાનો છેલ્લો ઘૂંટ પીતાં અમારી કોમેન્ટ સંભળાઈ ન હોવાથી અમે બચી ગયા.

'ના, ના. કાકા, હું તો એમ કહેતો હતો કે હવે દવા ને આરામ બરાબર કરો એટલે નવરાત્રિમાં ગરબા ગાવા નહીં પણ જોવા તો જઈ શકો!'

'હેં... હા... ઓહ... ઉંહ...'

## યુનિવર્સલ લૉ નું વિષય પાન

(ગતાંકથી આગળ...)

૫) કારણ અને અસર કાયદો : કારણ અને અસર કાયદો શું છે? કારણ અને અસરનું કાયદો જણાવે છે કે યુનિવર્સલ લૉની બહાર કંઈ આપણા જીવનમાં બનેલી દરેક વસ્તુ માટે, દરેક ક્રિયામાં સમાન પ્રતિક્રિયા અથવા પરિણામ હોય છે. ઉદાહરણ ફૂલને રોપવી શકતા નથી અને ગુલાબના ફૂલનો પાક મેળવવાની અપેક્ષા રાખી શકો છો. દરેક કારણ માટે ચોક્કસ કારણ અને અસરથી વિચારો, વર્તણૂંકો અને ક્રિયાઓ એ ચોક્કસ અસરો બનાવે છે, જે જીવનને સ્પષ્ટ કરે છે. વિચારીએ છીએ, આપણા પ્રત્યેની દરેક લાગણી, દરેક ક્રિયા કે જે આપણે વ્યક્તિગત અથવા સામૂહિક રૂપે કરીએ છીએ તેની પ્રત્યક્ષ અને પરોક્ષ આપણા જીવનની ઘટનાઓ પર છે. પૃથ્વી પર કર્મનો સંપર્ક વર્તન, વિચારો, વર્તણૂંક, ક્રિયાઓ, ઈચ્છાઓ, સંવેદનાઓ અને તે પ્રકારની વસ્તુઓની આકર્ષણ વિશે છે. ઉચ્ચ દ્રષ્ટિકોણથી, આપણે શક્તિનો એક ભાગ આપ્યો છે. આપણી ઈચ્છાઓ, ઈરાદા અને વિચારો ક્યાં જાય છે તે ઉચ્ચ કાર્યનો ઉપયોગ કરી શકીએ છીએ.

૬) વળતર કાયદો : વળતરનો કાયદો શું છે? વળતરનો કાયદો વ્યક્તિગત સફળતામાં તમે જે આપો છો તે મેળવો છો. દરેક વ્યક્તિને તેણે જે ફાળો આપ્યો તેના માટે સરભર કરવામાં આવે છે. વળતરનો કાયદો એ બીજ અને રોપણીના નિયમનું પુનઃ સ્થાપન છે. જીવનના ભૌતિક અને આધ્યાત્મિક લાભ માટે લાગુ પડે છે કારણ કે તે કારણ અને અસરના કાયદાના વિસ્તરણ તરીકે વર્ણવવામાં આવ્યું છે. વિશ્વને વિપુલતાના સ્થળ તરીકે જોવું જોઈએ તો સૌને પ્રેમ કરવો અને આશીર્વાદ મેળવવા એટલે કે નીચલા સ્વયંને પાર કરતા પછી સિદ્ધિ અથવા દિવ્ય ભેટની આવર્તન પ્રાપ્ત થાય છે. આ ઉચ્ચ આત્મવિશ્વાસની સંપૂર્ણ અવસ્થા અને આધ્યાત્મિક અનુભૂતિ તરફ દોરી જાય છે. સમૃદ્ધિ અને સંપત્તિ વચ્ચે એક વિશાળ તફાવતમાં સંપત્તિ ડર અને લોભ પર આધારિત પૈસાના સંગ્રહની છે, જે પરિપૂર્ણતાની સમકક્ષ કોઈ રીતે નથી. પરંતુ સમૃદ્ધિ એ એક પ્રવાહ છે જે બ્રહ્માંડમાં તમારા ઉચ્ચ હેતુની જરૂરિયાતોને સમાયોજિત કરે છે.

૭) આકર્ષણનો કાયદો : આકર્ષણનો નિયમ શું છે? આપણે કેવી રીતે ઘટનાઓ, લોકો અને વસ્તુઓ કે જે આપણા જીવનમાં , વિચારો, શબ્દો, લાગણીઓ અને ક્રિયાઓ શક્તિ જે ઊર્જાની જેમ આકર્ષે છે. હકારાત્મક શક્તિ હંમેશાં હકારાત્મક શક્તિને આકર્ષશે જ્યારે નકારાત્મક શક્તિ હંમેશા નકારાત્મક શક્તિઓને આકર્ષશે. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ પણ વ્યક્તિ નકારાત્મક રીતે વિચારવાનું શરૂ કરે છે, ત્યારે તેમની કંપન ઓછી થાય છે. સોલ્યુશન કરતાં સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવાથી તીવ્ર બને છે, સમસ્યાના કદ અને સંખ્યામાં તે વ્યક્તિનું ધ્યાન કેન્દ્રિત થાય છે. શું વિચારો છો, શું બનો છો , શું લાગે છે, કેવી રીતે આકર્ષિત કરો છો, કેવી કલ્પના કરો છો તેમ તમે બનાવો છો. સકારાત્મક શક્તિ હકારાત્મક શક્તિઓને આકર્ષિત કરે છે, અને નકારાત્મક શક્તિઓ નકારાત્મક શક્તિઓને આકર્ષિત કરે છે. મોટાભાગના લોકો મોટાભાગે તેમના આંતરિક વિચારો, લાગણીઓ, શબ્દો અને ક્રિયાઓ તેમના વાસ્તવિકતાને કેવી રીતે બનાવતા હોય તે વિશે અજાણ હોય છે. ધ સિક્રેટ સાથે વિશ્વભરમાં પ્રખ્યાત બન્યો. લોકોમાં સંપત્તિ અને પરિસ્થિતિઓને આપણા જીવનમાં આકર્ષિત કરી શકીએ છીએ જો આપણે માત્ર પરિણામમાં વિશ્વાસ કરીએ છીએ અને હકારાત્મક માનસિક વલણ જાળવી રાખીને વારંવાર તેના વિશે વિચારીએ છીએ. આકર્ષણ અને પ્રતિબિંબના કાયદા હેઠળ પોતાની શક્તિનું પ્રતિબિંબ , જીવનમાં ધ્યાન આકર્ષે તે બધું તે માટે જાય છે, પછી ભલે તે કુટુંબ, મિત્રો , બાળકની સંભાળ રાખતી તમારા ૧૦૦% નિર્માણ છે.માત્ર પ્રતિબિંબને બદલવાનો પ્રયાસ કરો છો, તો તે કાર્ય કરશે નહીં. તમારે ફીક્વન્સીના જનરેટરને બદલવું પડશે જો તમને પ્રેમ, આનંદ, શાંતિ, સ્વતંત્રતા, અનુભવો અને શક્તિ જોઈએ છે, તો તેને અનુભવો કરો. તમે શસ્ત્રક્રિયા , તમે ગોળીઓ લઈ, વિશેષ આહાર મેળવી છો, પરંતુ જ્યાં સુધી તમે વિચારો અને લાગણીઓને બદલી નહીં શકો, તે શરીર માટે આવર્તન બનાવશે, તમે શરીરને કાયમીરૂપે બદલશો નહીં. (ક્રમશઃ)

- ચિરાગ શરદકુમાર જાની

## ફૂટબોલમાં દરેક પક્ષે કેટલા ખેલાડીઓ હોય છે?



**ખજાનો**
**અનિલ પટેલ**

### રમતજગત

૧ જૂડો કયા દેશની રમત છે ?
(અ) ચીન (બ) જાપાન
(ક) કોરિયા (ડ) નેપાળ

૨ ફૂટબોલમાં દરેક પક્ષે કેટલા ખેલાડીઓ હોય છે ?
(અ) સાત (બ) નવ
(ક) અગિયાર (ડ) બાર

૩ નારસિંહ સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) ઢાકા (બ) લાહોર
(ક) પટણા (ડ) ફરિદાબાદ

૪ રોહન બોપન્ના કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) શતરંજ (બ) ટેબલ ટેનિશ
(ક) તરણ (ડ) શૂટીંગ

૫ નીચેનામાંથી કયા ખેલાડી તરણ સ્પર્ધા સાથે સંકળાયેલ નથી ?
(અ) મિહિર સેન (બ) બુલા ચૌધરી
(ક) વીરધવલ ખાડે (ડ) લજ્જા ગોસ્વામી

૬ નીચેનામાંથી કયા ખેલાડી શૂટિંગ રમત સાથે જોડાયેલા નથી ?
(અ) વિશ્વનાથ આનંદ (બ) ગગન નારંગ
(ક) રાજયવર્ધનસિંહ રાઠોડ (ડ) માવતજીતસિંહ સંધૂ

૭ પી.ટી. ઉષા કઈ રમતના ખેલાડી હતા ?
(અ) વૃશુ (બ) દોડ
(ક) તરણ (ડ) જિમ્નાસ્ટિક

૮ પંકજ આડવાણી કઈ રમતના ખેલાડી હતા ?
(અ) તિરંદાજી (બ) સ્કવૉશ
(ક) બિલિયડર્ઝ (ડ) પર્વતારોહણ

૯ વહાણ દ્વારા સમગ્ર વિશ્વની પરિક્રમા કરનારી પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?
(અ) મેરી લીલા રો (બ) ઉજવલા પાટીલ સેન
(ક) મહેર મૂસા (ડ) કર્ણમ્ મલ્લેશ્વરી

૧૦ ક્રિકેટ, હૉકી અને બાસ્કેટબોલ ત્રણેયમાં દેશનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?
(અ) શિરીન ખુશરો ક્રિયાસ (બ) સાયેના નહેવાલ
(ક) ઈન્દુલજી (ડ) ભાગ્યશ્રી થિપ્સે

૧૧ કેટલા કિ.મી.ની ઝડપે બોલ ફેંકનારને ફાસ્ટ બોલર કહેવાય છે ?
(અ) ૯૦ કિ.મી. (બ) ૧૦૦ કિ.મી.
(ક) ૧૧૦ કિ.મી. (ડ) ૧૨૦ કિ.મી.

૧૨ ક્રિકેટ વર્લ્ડકપમાં મેન ઓફ ધ સિરીઝ બનનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ છે ?
(અ) સુનિલ ગાવસ્કર (બ) કપિલ દેવ
(ક) સચિન તેડુંલકર (ડ) મોહિન્દર અમરનાથ

૧૩ હનુમાન વ્યાયામ પ્રચારક મંડળ બરોડાને કઈ રમતને આધુનિક સ્વરુપ આપવાનં શ્રેય જાય છે ?
(અ) કબડ્ડી (બ) ખોખો
(ક) હૉકી (ડ) લંગડી

૧૪ ટેનિસ ખેલાડી જેનિફર કેપ્રિયાતી કયા દેશની ખેલાડી છે ?
(અ) સ્વિત્ઝર્લૅન્ડ (બ) સ્પેન
(ક) અમેરિકા (ડ) ઈંગ્લેન્ડ

૧૫ તાનિયા સચદેવ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ચેસ (બ) વૉલીબોલ
(ક) તરણ (ડ) દોડ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૩ સપ્ટેમ્બર :**
  - ભારતીય કળા અને સંસ્કૃતિની નવપ્રતિષ્ઠા કરનાર ડૉ. આનંદકુમાર સ્વામીનું નિધન (૧૯૪૭)
  - સર્વશ્રેષ્ઠ લેગ સ્પીનર ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેનવોર્નનો જન્મદિવસ (૧૯૬૯)
  - દિલ્હીમાં બોમ્બ બ્લાસ્ટ થયો ૩૦ લોકો મરી ગયા (૨૦૦૮)
  - બોલીવુડની હિરોઈન દિવા મહિમા એટલે કે રીતુ ચૌધરીનો જન્મદિવસ (૧૯૭૩)
- **૧૪ સપ્ટેમ્બર : હિન્દી દિવસ / અંધજન દિવસ**
  - નોબલ પારિતોષિક વિજેતા રશિયાના ઈવાન પેટ્રોવિચ પાવલોવનો જન્મદિવસ (૧૮૪૯)
  - 'ડિવાઈન કોમેડી' જેવા અમર મહાકાવ્યના સર્જક દાન્તે એલી લિમેરીનું અવસાન (૧૩૨૧)
  - ક્રિકેર રોબિનસિંહનો જન્મદિવસ (૧૯૬૩)
- **૧૫ સપ્ટેમ્બર : એન્જીનીયર્સ ડે**
  - ભારતીય ઈજનેરી વિજ્ઞાનને પ્રોત્સાહન આપનાર પ્રતિભાશાળી ઈજનેર મોક્ષગુડમ્ વિશ્વૈયાનો જન્મદિવસ (૧૮૬૧)
  - 'દેવદાસ' અને 'પરિણીતા' જેવી હીટ ફિલ્મો બની તેના લેખક શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મદિવસ (૧૮૭૬)
  - દ્રવિડ આંદોલનના જનક સી.એન. અન્નાદુરાઈનો જન્મ (૧૯૦૯)
  - બ્રિટીશ વૈજ્ઞાનિક એલેકઝાન્ડર ફલેમીંગે પેનિસીલીનનો શોધ કરી (૧૯૨૮)
  - નવી દિલ્હીમાં ટી.વી. કાર્યક્રમની શરુઆત (૧૯૫૯)
- **૧૬ સપ્ટેમ્બર :**
  - વિશ્વ ઓઝોન દિવસ
  - વિશ્વ શાંતિદિવસ
  - 'પદ્મવિભૂષણ' સન્માનિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગાયિકા સુબ્બોલક્ષ્મીનો જન્મદિવસ (૧૯૧૬)
  - શ્રીકૃષ્ણલાલ શ્રીધરાણી - ગુજરાતી સાહિત્યમાં કવિતા અને નાટ્યક્ષેત્રે પ્રદાન આપનારનો જન્મદિવસ (૧૯૧૧)
- **૧૭ સપ્ટેમ્બર :**
  - સાગર ખેડૂ સરફ્રાન્સિસ ચિચેસ્ટનો જન્મદિવસ (૧૯૦૧)
  - આયુર્વેદાચાર્ય, કેવળણીકાર અને સેવામૂર્તિ બાપાલાલ વૈદ્યનો જન્મદિવસ (૧૮૯૬)
  - ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ (૧૯૫૦)
- **૧૮ સપ્ટેમ્બર :**
  - વર્લ્ડ વૉટર મોનિટરીંગ ડે
  - અંગ્રેજી સાહિત્ય લેખક ડૉ. સેમ્યુઅલ જહોન્સનનો જન્મદિવસ (૧૭૦૯)
  - યુનોના અત્યંત લોકપ્રિય મહામંત્રી હોશહોમર શિલ્ડનો જન્મદિવસ (૧૯૦૫)
  - શબાના આઝમીનો જન્મદિવસ (૧૯૫૦)
- **૧૯ સપ્ટેમ્બર :**
  - આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર પ્રકૃતિવિદ રૂબીન ડેવિડનો જન્મદિવસ (૧૯૧૨)
  - સાહિત્યકાર હરિન્દ્ર દવેની જન્મજયંતિ (૧૯૩૦)
  - અજિત શેઠની જન્મજયંતિ (૧૯૩૨)
  - ખુબસૂરત મરાઠી મુલગી ઈશા કોપીકરનો જન્મદિવસ (૧૯૭૬)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ઉત્તરપ્રદેશના ગર્વનર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે?**
**જવાબ : આનંદીબેન પટેલ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**


(૧) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક - ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) રૂચિત પટેલ : ગાયત્રી રેસીડેન્સી, રાંદેસણ (૭) મહેશ જાદવ : રાયસણ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**ચંદ્રયાન-૨ પ્રોજેક્ટમાં કઈ બે મહિલા વૈજ્ઞાનિકોની મહત્ત્વની ભૂમિકા રહી હતી?**

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

## વામન બન્યા વિરાટ!



નર્મદા નદીને કિનારે ભૃગુકચ્છ (ભરૂચ)માં અસુરરાજ બલિનું શાસન હતું. એમની પાસે સમૃદ્ધ વારસો હતો. એ ભક્ત પ્રહ્લાદના પૌત્ર અને જ્ઞાની વિરોચનના પુત્ર હતા. એમની પત્ની વિન્ધ્યાવલિ સહધર્મચારિણી હતી.

બલિરાજા ભારે પરાક્રમી હતા. ઈન્દ્રને એના તરફથી સતત ભય રહેતો. બલિરાજાની લોકોમાં પ્રતિષ્ઠા બે રીતે હતી. એ યજ્ઞો કરતા રહેતા. આ દરમિયાન જે કોઈ યાચક આવે, એને એની ઈચ્છા મુજબનું દાન આપતા.

અત્યારે જે યજ્ઞ ચાલુ હતો, તો જો સંપન્ન થાય તો ઈન્દ્રનું ઈન્દ્રપદ છિનવાઈ જાય તેમ હતું. એણે માતા અદિતિ પાસે દુઃખ વ્યક્ત કર્યું. અદિતિએ પોતાના પતિ ઋષિ કશ્યપની સલાહ લીધી. એ રીતે અદિતિએ પયોવ્રત રાખ્યું. બાર દિવસ ઉપવાસ કર્યા. રોજ માત્ર એક વાર દૂધ ગ્રહણ કરવાનું. પરિણામે ભાદરવા મહિનાની સૂદ બારસે એમને પુત્ર જન્મ્યો. ભગવાન વિષ્ણુ પુત્ર રૂપે અવતર્યા. એ વખતે નક્ષત્ર અભિજિત હતું. અભિજિત્‌નો અર્થ પણ 'વિષ્ણુ' થાય.



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

બલિરાજા દાન માટે પ્રસિદ્ધ હતા. પરંતુ એનો એક અવગુણ હતો. પોતે દાન આપી રહ્યા છે, એની સભાનતા રાખે. આ સભાનતા અભિમાનમાં પરિણમી હતી. દાનવૃત્તિ સારી, દાનવૃત્તિનું અભિમાન બિલકુલ સારું નહિ. દાન એને કહેવાય - જમણે હાથે આપો, તો ડાબા હાથને ખબર પણ ન હોય.

અદિતિનો પુત્ર, બ્રહ્મચારી વામન બટુક જન્મતાની સાથે જ થયો. વામનના બે લક્ષ્ય હતા - બલિરાજાનો યજ્ઞ પૂરો ન થાય અને બલિરાજાની દાનવૃત્તિના અભિમાનનું શમન થાય.

વામનનો યજ્ઞોપવીત સંસ્કાર થયો. માતાપિતાની આજ્ઞા લઈને પ્રસ્થાન કર્યું. એ બલિરાજાની યજ્ઞસભામાં આવ્યા. બલિએ એમનું વિધિવત્ સ્વાગત કર્યું. પછી કહ્યું, 'સમગ્ર વિશ્વ જાણે છે - હું કોઈને પાછાં કાઢતો નથી. તમારે શું જોઈએ છે?' વામને અભિમાનનો સૂર સાંભળી લીધો.

એણે કહ્યું, 'મારે તો માત્ર ત્રણ પગલાં જમીન જોઈએ છે.' બલિએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. 'આટલાથી શું થશે ? વધુ માગી લે.' વામને કહ્યું, 'મારી આ જરૂરિયાત છે. જરૂરિયાતથી વધુ મળે, તે અગ્રાહ્ય.' બલિરાજના ગુરુ શુક્રાચાર્યે વિરોધ કર્યો. 'મને આમાં કોઈ ષડયંત્ર દેખાય છે.' તેમ છતાં બલિએ ભૂમિદાનનો સંકલ્પ કર્યો.

યજ્ઞસભાના પરમ આશ્ચર્ય વચ્ચે વામને પોતાનું સ્વરુપ વિરાટ કરી નાખ્યું. એમણે પગલાં શરૂ કર્યા - એક પગલાંમાં સમગ્ર પૃથ્વી અને બીજામાં અંતરિક્ષ. એણે બલિરાજને પૂછ્યું - 'હવે આ ત્રીજું પગલું કયાં મૂકવું ?' બલિએ પગમાં પડીને પ્રણામ કર્યા. 'મારે મસ્તકે. આ બધી સંપત્તિ કરતાં એ વધુ મૂલ્યવાન છે.'

એના મસ્તકે ભગવાને ચરણ મૂક્યો કે તરત જ અભિમાન વગેરે અદશ્ય ! જેમના મસ્તકે, શ્રીચરણ હોય, એને કોઈ અવગુણ રહે જ નહિ. બલિરાજનો પાતાલ પ્રવેશ થયો. ભગવાન એની સાથે આવ્યા. ત્યારથી એમનાં બે સ્વરુપો - એક સમુદ્રજળ ઉપર અને બીજું બલિરાજને દ્વારે.